# અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં ઘટસ્થાપન સાથે નવરાત્રીનો પ્રારંભ

અરવલ્લી, તા. ૨૨

આસો નવરાત્રીનો અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં રંગેચંગે પ્રારંભ થયો હતો. અનેક ઠેકાણે માઈ ભક્તો અને આયોજકો દ્વારા શુભ મુહર્તમાં માતાજીનું



સ્થાપન કરી શાસ્ત્રોક્ત વિધિથી પૂજા અર્ચના કરવામાં આવી હતી. મોડાસાની કલ્યાણ ચોક, રામપાર્ક મેદાન અને ઉમિયામાતાના મંદિરે પ્રથમ દિવસે જ ખેલૈયાઓ ગરબે રમવા ઉમટ્યા હતા.

મોડાસાની શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત ઉમિયામાતાજીના મંદિરે યોજાયેલી રિદ્ધિ સિદ્ધિ નવરાત્રીનો પ્રારંભ અરવલ્લી જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલ તથા સુપ્રસિદ્ધ ગાયત્રી આશ્રમ સરડોઈના મહંત પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી દ્વારા દીપ પ્રાગટ્ય કરી નવરાત્રી મહોત્સવને ખુલ્લો મુક્યો હતો. જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર, મોડાસાના મેયર વનીતાબેન પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી અને મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન ચંદુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રિદ્ધિ સિદ્ધિ નવરાત્રીના આયોજકો દ્વારા વડાપ્રધાન નરેદ્ર મોદીના સ્વચ્છતા અભિયાન પર ભાર મૂકી ઠેર ઠેર સ્વચ્છતા જાગૃતિ અંગેના બોર્ડ અને કચરાપેટી રાખવામાં આવી છે અને ગરબે ગુમાવા આવતા અને નિહાળવા આવતા લોકો માં જાગૃતિ ફેલાવવા આવશે. મોડાસાની કલ્યાણ ચોક સોસાયટી અને રામપાર્ક સોસાયટી નવરાત્રીનો રંગે ચંગે પ્રારંભ થયો હતો અને પહેલા નોરતે ખેલૈયાઓ ઉમટી પડ્યા અને ગરબે ઘૂમ્યા હતા. નવરાત્રીનો પ્રારંભ થતાં જ મોડાસા શહેર રંગબેરંગી લાઈટોની રોશનીથી જળહળી ઉઠ્યું હતું.

## સતલાસણા પોલીસ સ્ટેશનના એએસઆઈને લાંચ કેસમાં સજા

મહેસાણા, તા. ૨૨

સતલાસણા પોલીસ સ્ટેશનના એએસઆઈ ધનજીભાઈ સોલંકીએ ફરીયાદીને તાત્કાલિક નહીં પકડવા બાબતે લાંચની માંગણી કરી હતી. જે અંતર્ગત એસીબીની ટ્રેપમાં ધનજીભાઈ સોલંકી ઝડપાઈ જતાં તેમના વિરૂદ્ધ એસીબી પોલીસ સ્ટેશન મહેસાણા ખાતે ગુન્હો નોંધાયેલ હતો. વિશેષ અદાલતે ૧૪ સપ્ટેમ્બરે આરોપીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૭ અન્વયે તકસીરવાર ઠરાવી છ માસની કેદ તથા રૂ. ૨૫૦૦ દંડ તેમજ કલમ ૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) અન્વયે તકસીરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૪૫૦૦ દંડનો હુકમ કરેલ છે તેમ ડી.પી. ચુડાસમા મદદનીશ નિયામક લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ગુજરાત રાજ્ય અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# માણેકબાગ સોસાયટીમાં ભૂગર્ભ ગટર યોજનાએ આર.સી.સી. રોડની ઘોર ખોદી

## ભૂગર્ભ ગટર યોજનામાં ખોદાયેલા રોડ પર હલકી કક્ષાનું કામ થતા રોડ તૂટ્યો

મોડાસા, તા. ૨૨

મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ



ફાળવવા છતાં કોન્ટ્રાક્ટરો દ્વારા નિર્માણ થતી વરસાદી પાણીની ગટરોમાં કટકી કરવામાં આવતી હોય તેમ કામમાં વેઠ ઉતારવામાં આવતી હોવાની છાસવારે નગરજનો બૂમો પાડતા હોવા છતાં નગરપાલિકા તંત્રના બહેરા કાને અથડાઈ પાછી ફરતી હોય તેમ કોન્ટ્રાક્ટરો સામે કોઈ દંડાત્મક પગલાં ન ભરાતા અને બિલની રકમની ચુકવણી થયી જતા મોડાસા નગરપાલિકાના વરસાદી પાણીના નિકાલ માટે ખર્ચાતા કરોડો રૂપિયા મોટેભાગે ગટરમાં વહી જતા હોય તેવી સ્થિતિનું નિર્માણ બારેમાસ જોવા મળે છે. માણેકબાગ સોસાયટીની ભૂગર્ભ ગટર યોજનાનું હલકી કક્ષાનું કામ કરાયાના ફોટો સોશ્યિલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર મુદ્દો ટોક ઓફ થઈ ટાઉન બન્યો છે.

મોડાસા બસસ્ટેન્ડ પાછળ સ્વામિનારાયણ મંદિર નજીક આવેલી માણેકબાગ સોસાયટીમાં ચાલુ સાલે નગરપાલિકા તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે નવીન ભૂગર્ભ ગટર યોજનાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમાં નિર્માણ સમયે ભૂગર્ભ ગટર યોજનામાં ભેદભાવ રાખવામાં આવતો હોય તેમ એક સોસાયટીની લાઈનમાં વરસાદી પાણીના નિકાલ માટે મોટા ભૂંગળા (પાઈપલાઇન) નાખવામાં આવ્યા હતા અને બીજી હરોળમાં નાના ભૂંગળા (પાઈપલાઈન ) નાખવામાં આવ્યા હોવાની અને ગટર યોજનામાં વેઠ ઉતારવામાં આવી હોવાની અને હલકી કક્ષાનું મટેરીયલ વાપરવામાં આવ્યું હોવાનું લોક મુખે ચર્ચાતું હતું. ત્યારે બે મહિનાની અંદર ગટરનિર્માણ માટે આર.સી.સી રોડ તોડ્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા રોડનું સમારકામ બરાબર ન થતા આર.સી.સી રોડ પરથી કપચી અને રેતી ઉખડી જતા અને બનાવેલ સેફટી ટંકમાં પણ વેઠ ઉતારતા સોસાયટીના જાગૃત યુવાન દ્વારા નગરપાલિકા તંત્રને સબક શીખવાડવા અને ભ્રષ્ટચાર અટકાવવા સોશ્યલ મીડિયાનો સહારો લેતા નગરજનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે અને નગરપાલિકાની ગ્રાન્ટના રૂપિયા ગટરમાં વહાવી દેતા કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવામાં આવે તેવી લોક માંગણી ઉગ્ર બની છે.

## શિહોરી-દિયોદર રોડ ઉપર આકોલી પાસે બોલેરોએ ગાયને ટક્કર મારી

કાંકરેજ, તા. ૨૨

કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરીથી દિયોદર તરફ જવાના રોડ ઉપર તા. ૧૮-૯-૧૭ના રોજ સવારે ૯ વાગ્યા આસપાસ દિયોદર તરફથી આવી રહેલ લાલ કલરની બોલેરો ગાડી નં. જીજે-૨.સીએ.૩૩૪૩ નંબરના ડ્રાઈવરે ગફલતભરી રીતે પોતાની ગાડી ચલાવી ગાયને અડફેટે લઈ ટક્કર મારતાં ગાયનો પાછળનો પગ ભૂક્કો થઈ જવા પામ્યો હતો અને જમીન રોડ ઉપર પટકાઈ હતી. જો કે ગાડીનો ચાલક ત્યાંથી ગાડી લઈ નાસી ગયો હતો અને ગાયને તાત્કાલિક ડિસા દવાખાને સારવાર માટે લઈ જવામાં આવી હતી. જેને ઘેર લાવતા ૧૯-૯-૧૭ના રોજ મોત થા પામ્યુ છે.

જે બાબતે ગાયના માલિક વાઘેલા સુરતુભા રાઘુજીએ શિહોરી પોલીસ સ્ટેશનમાં ગાડી અને ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી અને વેટનરી ડૉ. જોષી દ્વારા ગાયનું પીએમ કરી રીપોર્ટ તૈયાર કરાયો હતો. આમ શિહોરી-દિયોદર રોડ ઉપર બેફામ ચાલતા વાહનોના કારણે ગાયોને છાસવારે અકસ્માતોનો સામનો કરવો પડે છે.

જો કે દૂધ દેતી અને વિયાર વાળી ગાયની કિંમત રૂ. ૫૦હજાર જેટલી ગાયના માલિકે જણાવી હતી. આમ શિહોરી પો.સ્ટે.ને ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવે તેવી પોલીસ ફરીયાદ કરવામાં આવી છે.

# શામળાજી પોલીસે સાત લાખથી વધુનો વિદેશી દારૂની હેરાફેરી ઝડપી લીધી

શામળાજી, તા. ૨૨

શામળાજી પોલીસે શુક્રવારે સવારે ૮ વાગ્યાના સુમારે રાજસ્થાન ખાનામાં તપાસ કરતા ગેરકાયદેસર વગર પાસપરમીટની વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૨૦ કુલ બોટલ નંગ- રાજસ્થાનની ધરપકડ કરી અન્ય ફરાર મદદગારી કરનાર હીરાસીંગ રાવત (રહે. બડાખણ, રાજસમંદ-



તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન તરફથી આવતી શંકાસ્પદ ટ્રકને અટકાવી તલાશી લેતા પાવડરની થેલીઓ મળી આવી હતી અને નીચે ગુપ્ત ખાનુ હોવાની શંકા જતા તપાસ કરતા ગુપ્ત ખાનુ મળી આવતા ૧૪૪૦ કિંમત રૂપિયા ૭૨૦૦૦૦ અને ટ્રકની કિંમત રૂપિયા ૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કિંમત રૂપિયા ૨૦૦૦ મળી કુલ ૧૭૨૨૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી દિલીપસીંગ નરુસિંગ રાવત (રહે. ચારેડા , રાજસમંદ-રાજસ્થાન) અને દારૂ ભરી આપનાર ભીમસીંગ રાઠોર (રહે.ગોકુલ વિલેજ ગીતાંજલિ હોસ્પિ.ની બાજુમા, ઉદેપુર) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## નવલી નવરાત્રીના પર્વમાં લોકતંત્રને મજબુત બનાવવાના સંકલ્પ કરીએ

પાલનપુર, તા. ૨૨

નવલી નવરાત્રીના લોકપર્વમાં લોકતંત્રને મજબુત બનાવવાના સંકલ્પ કરીએ. આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી ભારતના ચૂંટણીતંત્ર ધ્વારા મતદારોની જાગૃત્તિ વધારવા નવરાત્રીના નવ નોરતા દરમ્યાન આ સંકલ્પ લેવા અપીલ કરાઈ છે.

પહેલી નવરાત્રીનો પહેલો સંકલ્પ- ૧૮ વર્ષની વય થયે મતદાર તરીકે નોંધણી કરાવવાનું ચુકીએ નહી. બીજી નવરાત્રિનો બીજો સંકલ્પ મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદાર યાદીમાં નામ અને વિગતો ચકાસી લઈએ. ત્રીજી નવરાત્રીનો ત્રીજો સંકલ્પ- મતદાર યાદીમાં આપણા અથવા કુંટુંબના કોઈપણ સભ્યોના નામ અથવા વિગતમાં કંઈપણ સુધારો હોય તો આપણા બી.એલ.ઓ.નો સંપર્ક કરીએ. ચોથી નવરાત્રીનો ચોથો સંકલ્પ લોભ, લાલચ કે દબાણમાં આવ્યા વગર નૈતિક મૂલ્યો જાળવીને મતદાન કરીએ તથા લોકશાહીને સ્વસ્થ રાખીએ. પાંચમી નવરાત્રીનો પાંચમો સંકલ્પ મતદાર તરીકેની લાયકાત ધરાવતા કુંટુંબના તમામ સભ્યો મતદાર તરીકે નોંધણી કરાવીને અવશ્ય મતદાન કરે તેની ચોકસાઈ રાખીએ.

## ઈડર તાલુકાના ગોધમજી ગામના સેવાભાવી વૈધરાજ દેવલોક પામ્યા

ભિલોડા, તા.૨૨

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ગોધમજી (ગાંઠીઓલ) ગામના સેવાભાવી વૈધરાજ પ્રભુજીભાઈ કેણાભાઈ પટેલ તા.૧૯/૯/૨૦૧૭ ને મંગળવારના રોજ ટુંકી માંદગી બાદ દેવલોક પામ્યા છે.

પ્રભુજીભાઈ વૈધરાજ પાસે સાઈન્ટીકા અને આંટી પડેલ હોય તેવા દર્દીઓ દુર-દુરથી આવતા હતા.વૈધરાજ પ્રભુજીભાઈ પટેલ દુઃખી લોકો આવે ત્યારે તેઓ નસ પકડી દુઃખીયાઓના દુઃખને દુર કરવાની દેશી કારીગરી તેમનામાં એક અજાયબી હતી. દુઃખી લોકો રડતા-રડતા આવે અને હસતા હસતાં જતા હતા. પ્રભુજીભાઈના એકા-એક અવસાનથી સૌ-કોઈને આઘાતની લાગણી થઈ હતી.

# કાંકરેજ તાલુકાના અમરનેસડા ગામે સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત થતા ખળભળાટ

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણી ૨૯-૧૨-૨૦૧૬માં યોજાઈ. જેમાં અમરનેસડા ગામ સમરસ થતા સરપંચ તરીકે ગોહિલ રાયભણસિંહ કાળુજી બિનહરીફ ચૂંટાયા હતા. જેમાં ૮ સભ્યો અને સરપંચ કુલ ૯ જે તા. ૨૨-૯-૧૭ના રોજ અમરનેસડા ગ્રામ પંચાયતમાં સરપંચની અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાઈ હતી. જેમાં કાંકરેજ તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી કે.એન. પટેલ, પં. કારકુન આર.એસ. બારોટ, ત.ક. મંત્રી પ્રતિક દરજી અને પંચાયતના આઠ સભ્યો તથા સરપંચ હાજર રહ્યા હતા. જેમાં ૬ સભ્યોએ સરપંચ વિરૂદ્ધ વિરોધ નોંધાવ્યો હતો અને ૬ સભ્યોને વિશ્વાસમાં લીધા વગર વિકાસના



કામોમાં જાતે વહિવટ કરતા હોવાથી અવિશ્વાસની દરખાસ્ત રજુ કરાતા કાંકરેજમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો અને સરપંચની કામગીરી ઉપર શંકાની સોંય તાકવામાં આવી હતી. આમ અમરનેસડા ગ્રામ પંચાયતના બિનહરિફ સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્તથી સમગ્ર તાલુકામાં ભૂકંપ સર્જાયો છે.



## ખેડબ્રહ્મામાં નવરાત્રીની નવીન માંડવીનું સ્થાપન

ખેડબ્રહ્માના અંબાજી માતાજીના મંદિરમાં ગુરુવારના સવારે ૮ કલાકે મંદિરના પૂજારી દશરથભાઈ દ્વારા પૂજાવિધિ કરી નવરાત્રીનું ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરના પ્રમુખ જયદીપસિંહ, ટ્રસ્ટી યોગેન્દ્રસિંહ, પરસોત્તમભાઈ પટેલ, પ્રવિણસિંહ સોલંકી તથા નવરાત્રી અને આરતી મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મહેસાણા જિલ્લામાં સ્વચ્છતા એ જ સેવા પખવાડીયાની ઉજવણી

મહેસાણા, તા. ૨૨

સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨ ઓક્ટોબર સુધી સ્વચ્છતા એજ સેવાના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મહેસાણા જિલ્લામાં વિવિધ કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લાની મહેસુલી કચેરી, પંચાયતની કચેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી, નાયબ માહિતી નિયામકની કચેરી સહિત વિવિધ કચેરીમાં સફાઈનું આયોજન કરાયું હતું. જેમાં કર્મચારીઓ, અધિકારીઓ જોડાયા હતા.

# મોડાસાના જીતપુર-મરડીયા હાઈસ્કૂલમાં તાલુકાના વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજાયું

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લાના મોડાસાની જીતપુર-મરડીયાની શ્રીમતિ સી.એમ. સુથાર હાઈસ્કૂલમાં આજરોજ તાલુકાનું વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૭ યોજાયું હતું. જેમાં ૬૦ શાળાઓએ વિવિધ ૭૩ કૃતિઓ રજૂ કરી હતી અને પોતાનામાં રહેલી સર્જનકળા અને બૌદ્ધિક ક્ષમતા આ કૃતિઓ દ્વારા ઉજાગર કરી હતી.

જિલ્લા ભાજપના પ્રમુખ અને શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના વાઈસ ચેરમેન રણવીરસિંહ ડાભીએ આ પ્રદર્શનને દીપ પ્રગટાવી ખુલ્લું મુક્યા પછી ઉદઘાટન સમારોહના પ્રમુખપદેથી બોલતાં જણાવ્યું હતું કે આવા શૈક્ષણિક પ્રદર્શનો દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે, ભાગ લેનાર છાત્રોને તેમણે ઉમંગથી કૃતિઓ રજૂ કરી અવવલ નંબર લાવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી અને કૃતિઓમાં અપેક્ષિત સ્થાન ન મળે તો તેવા છાત્રોને નાસીપાસ નહિ થવા શીખ આપી હતી. પ્રમુખ રણવીરસિંહ ડાભીએ બાળકોને આવતીકાલના વૈજ્ઞાનિકો અને દેશનું



ભાવિ ગણાવ્યા હતા.

આ પ્રસંગે ડીઈઓ એ.પી. ઝાલા, મ.લા.ગાંધી ઉ.કે.મંડળના મંત્રી કાંતિભાઈ પટેલ, મોડાસા બિલ્ડીંગ એસો. પ્રમુખ દિલીપભાઈ પટેલ, જાણીતા તબીબ ડૉ. જમીલ ખાનજી, ડો. હેમંત વી. ચૌધરી અને ડૉ. અંબરીશ પંચાલ ઉપરાંત અરવલ્લી જિલ્લા મા. અને ઉ.મા. શાળા આચાર્ય સંઘના પ્રમુખ નરેશભાઈ પટેલ, જિલ્લા ઉ.મા. શાળા શિક્ષક સંઘના પ્રમુખ રાકેશભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, રાજ્ય આચાર્ય સંઘના મંત્રી સુભાષભાઈ પટેલ, માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ અશોકભાઈ પટેલ, નોડલ કન્વીનર ડૉ. આર.સી. મહેતા, સરસ્વતી હાઈસ્કૂલના પ્રિન્સીપાલ ડૉ. જિજ્ઞેશભાઈ સુથાર વગેરે સહિત વિવિધ શાળાના આચાર્યો, શિક્ષકો અને છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખ અને જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલ દ્વારા શાળામાં ભૌતિક સુવિધાઓ અંગે કરવામાં આવેલ રજૂઆતના પગલે સાસંદ દીપસિંહ રાઠોડે શાળામાં હોલના નિર્માણ માટે રૂપિયા પાંચ લાખની ગ્રાન્ટની કરવામાં આવેલ ફાળવણીની જાહેરાત સમારોહ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ કરતા ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટ સાથે આ જાહેરાતને વધાવી લીધી હતી અને મંડળ-શાળા પરિવારે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય હીરાભાઈ ડી.પટેલ તથા મંત્રી એચ.ડી. પટેલ સહિત ટ્રસ્ટીઓ અને શાળા સ્ટાફે ઉપસ્થિત સૌ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. જયારે આચાર્ય હીરાભાઈએ પ્રારંભમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને સંસ્થાકીય પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શિક્ષક જી.કે. મકવાણાએ કર્યુ હતું. અંતમાં શાળાના શિક્ષિકા વિલાસીની બહેને અંગ્રેજીમાં આભારવિધિ કરી હતી.

# કાંકરેજની બનાસ નદીમાંથી રેતી ભરી જતા ૩ ટર્બો ટ્રક રોયલ્ટી વગર ઝડપાયા : મામલતદારે દંડની કાર્યવાહી હાથ ધરી

કાંકરેજ, તા. ૨૨

કાંકરેજની જીવાદોરી બનાસ નદીમાં રેત ખનન પ્રવૃત્તી લીઝધારકો દ્વારા કાયદેસર કરવામાં આવે છે. જેમાં આજ બનાસ નદીના પટમાંથી રેતી ભરીને કંબોઈ-ઉંબરી-શિહોરી રોડ ઉપર મામલતદાર કાંકરેજે ચેક કરતાં ત્રણ ટર્બા રોયલ્ટી વગર પાસ પરમીટે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં ટર્બા ચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. જો કે બનાસ નદીમાં પૂર આવ્યા બાદ પાણી ઓસરતા લીઝધારકોને કુદરતી ફાયદો રેતીનો થયો છે. જેમાં રાબેતા મુજબ રેત ભરવામાં આવે છે અને રોયલ્ટીની ચોરી કરતા ટર્બા ઝડપાતા



આ નદીમાં રેતી ખનન પ્રવૃત્તીમાં કેટલું કૌભાંડ ચાલતુ હશે. જો કે ભુસ્તર વિભાગ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા ભાગ્યે ચેકિંગ હાથ ધરીને એકાદ કેસ કરી બાકી પત્રમ-પુષ્પમ્થી જ આવુ ચાલ્યા કરે છે. ત્યારે શિહોરી પોલીસે પણ મુખપત્ર બની તમાશો જોતુ હોય તેવુ લાગી રહ્યું છે. રાત-દિવસ ડંફરો બેફામ રોડ ઉપર દોડતા હોય છે. તાડપત્રી પણ ઢાંકેલ નથી હોતી અને અકસ્માતો પણ સર્જાય છે. ત્યારે તાલુકા મામલતદાર કાંકરેજ અને પોલીસ વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. ત્યારે શિહોરીથી પાટણ રોડ ઉપર દોડતા ડંફરો સામે દંડનીય કાર્યવાહિ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.